જે વ્યક્તિ પોતાની જાત માટે નિયમો નક્કી કરી સંયમીત જીવન જીવે છે એને બીજા કોઈ કાયદાની જરૂર રહેતી નથી
- માનસ સૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૫૪ | ૨૭ નવેમ્બર, ૨૦૧૪, ગુરૂવાર ; માગશર સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# શહેરને ચોખ્ખુચણાક કરવા કાર્યયોજના

## વાયબ્રન્ટ પૂર્વે ગાંધીનગરનો ખૂણે-ખૂણો ૩૧મી ડિસેમ્બર સુધીમાં સાફ કરાશે

## વહીવટીતંત્ર દ્વારા ઉચ્ચકક્ષાની બેઠકમાં ઘડાયેલ ટુંકાગાળાની કાર્યયોજના

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં આગામી જાન્યુઆરી માસમાં યોજાનાર વાયબ્રન્ટ સમીટ પૂર્વે અર્થાત્ ૩૧ ડિસેમ્બર સુધીમાં સ્વચ્છ શહેર બનાવવાના ટુંકાગાળાના આયોજન સાથે તંત્રને કામે લાગવા શહેરી વિકાસ વિભાગના અધિક સચિવ સુશ્રી મોના ખંધારે કડક તાકીદ કરી છે.

તેમણે સ્વચ્છ શહેર માટે ટુંકાગાળાનું અને લાંબાગાળાનું આયોજનની વિસ્તૃત સમજ આપી તંત્રને અસરકારક કામગીરી કરવા જણાવ્યુ છે. સુશ્રી ખંધારે શહેરમાંથી નિકળતા સોલિડ વેસ્ટ તેમજ દબાણો સહિતના મુદાઓને લઈ જિલ્લાના અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

આપણે જેને કચરો સમજીએ છીએ, તે પણ આવકનું સાધન બની શકે છે, તેવું આજરોજ શહેરી વિકાસના સચિવ શ્રીમતી મોના ખંધારે જિલ્લા કલેકટરશ્રીની કચેરી ખાતે યોજાયેલ સ્વચ્છ ભારત અભિયાનની બેઠકમાં જણાવ્યું હતું.

આ બેઠકમાં શહેરી વિકાસના સચિવ શ્રીમતી મોના ખંધારે વધુમાં જણાવ્યું હતું કે, સ્વચ્છતા ભારત અભિયાનને સફળ બનાવવા માટે લોકામાં કચરો બને તેમ ઓછો ઉત્પન્ન કરવાની, આપણા માટે જે કાગળ કે પ્લાસ્ટિક કચરા રૂપ છે, પણ અન્ય માટે ઉપયોગી છે તેને આપવાની સુચારું વ્યવસ્થા કરવા અને ડસ્ટ ફ્રી નગર બનાવવાની જાગૃતિ લાવવી ખૂબ જ જરૂરી છે. તે ઉપરાંત કુદરતી સંપત્તિ જેવી કે પાણીનો બગાડ ઓછો થાય અને તેનો પુન; ઉપયોગ કરી શકાય તેવી વ્યવસ્થા કરવાનું પણ ભારપુર્વક જણાવ્યું હતું.

તેઓશ્રી ગાંધીનગર મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં શૌચાલય બનાવવાની દરખાસ્તો આવી હોય

● અનુસંધાન પાન-૭ પર




















